ગ્લોબલ રોમીં

વોય, વોય, મૂઆએ મને મારી નાંખી

અમેરિકનોને ઘડવા માટે ભગવાને ખાસ્સી મહેનત કરી હશે. આમ તો કહેવત છે કે ખલાસીને માટે દરેક બંદરે એક પત્ની રાહ જોતી ઊભી હોય છે. ૨૧ વર્ષના કિરક્ષેપ ખલાસી ડેલ્ટન પીઅર્સનની શું હાલત હશે તે ખબર નથી પણ તાજેતરમાં તે બ્રેમર્ટનમાં એક મિત્રના એપાર્ટમેન્ટમાં ગયો હતો અને ઘણા દિવસ પછી મળ્યો એટલે ચિક્કાર દારૂ પીધો તેને ચાલવાના હોશ ન હતા એટલે મિત્રે કહ્યું કે ડેલ્ટન, થોભી જા હું કોઈને તારી સાથે મોકલું છું. તારા ઘરે તને મૂકી જાય.

કોઈપણ બાટલી માસ્ટરની જેમ ડેલ્ટને જવાબ આપ્યો. 'હું કઈ એટલો બધો પીધેલો નથી. ચાલ્યો જઈશ.'

અમેરિકામાં એક પીધેલાને બીજા પીધેલા પર સારો ભરોસો હશે તે મિત્રે કહ્યું ભલે.

ડેલ્ટન લથડિયા ખાતો આવ્યો અને પોતાના નંબરના ફલેટમાં ઘુસ્યો. લઘુશંકા કરવા માટે જવું હતું પણ સંડાશ સુધી કોણ જાય? દીવાનખંડમાં જ એ વિધિ પતાવી અને શયનખંડમાં જઈ પથારી જઈ સૂતો અને ધાબળો ખેંચ્યો તો ધાબળામાંથી ૮૦ વર્ષની એક ડોશી 'વોય વોય! મૂઆએ મને મારી નાંખી' બોલતી ઊભી થઈ ગઈ. ૫૬ વર્ષની વયના તેના દીકરા જોહન જેજરે પોલીસને બોલાવ્યો અને ડેલ્ટનને પોલીસને બોલાવ્યો અને ડેલ્ટનને ખખડાવ્યો! સાલા બાટલી તને ખબર છે કે તું કયાં આવ્યો છે? તારો ફલેટ તો બાજુ ની બિલ્ડીંગમાં છે!

કદાચ ફરી ક્રાંતિ થાય પણ ખરી...

સોવિયેત ક્રાંતિના મૂળમાં આર્થિક અસમાનતા કારણ ભૂત હતી. સામ્યવાદી સત્તા આવી અને છ દાયકા ટકી અને સોવિયેત સંઘ કકડભૂસ થઈ ગયો પણ આજે સોવિયેત સંઘના ભૂતપૂર્વ રાજયોમાં ખાસ કરીને રશિયામાં ખાસ્સી ગરીબી પ્રવર્તે છે. મોસ્કોના છેવાડે પણ હવે ગંદા વસવાટ થવા માંડયા છે. તાજેતરમાં મોસ્કોમાં જ એક નાગરિકે વેર વાળવા લૂંટ ચલાવી હતી.

બન્યું એવું કે વિકટર સ્લોવેક એન્જીનીયરરિંગ કોલેજમાં ભણે તેણે કેન્ટીનમાં નાસ્તો કરવા પાકિટ કાઢયું ત્યાં તો બાજુમાં ઊભેલા મિખાઈલ દુકોશિકે ચોર ચોર બૂમ પાડીને પાકિટ પર ઝાપટ મારી પણ વિકટર પાકિટ લઈને સ્ટોરમાંથી દોટ મૂકી. થોડીવાર સુધી દોડધામ થઈ અને વિકટર મિખાઈલના હાથે ઝડપાઈ ગયો. વિકટરને ગળચી માંથી ઝાલી મિખાઈલે બે થપ્પડ મારી દીધી. વિકટર કહેઃ ભાઈ મને શું કામ મારે છે? હું મારા પાકિટમાંથી પૈસા કાઢું તેમાં તને શું વાંધો છે? મિખાઈલ કહેઃ તે મારું પાકિટ મારી લીધું છે વિકટરે કહ્યુંઃ જો આ મારું જ પાકિટ છે અને તેમાં મારી પત્નીની તસ્વીર છે.

મિખાઈલે પોતાનું પાકિટ તપાસ્યું તો ખીસ્સામાં હતું તેણે કહ્યું સોરી આ રહ્યું મારું પાકિટઃ વિકટરે ઝપટ મારીને તે પાકિટ લઈ થોડા પૈસા કાઢીને કહ્યુંઃ આપણા પાકિટ સરખા છે. મને પૈસાની જરૂર છે આ સ્ટોરમાં આવતો રહેજે. કયારેક પૈસા ચૂકવી દઈશ.

બંને હસતાં હસતાં છૂટા પડયા.

અરે, આ તો મારી કાર છે...

અમેરિકાના ફલોરિડાના ડેલ્ટનોમાં બસમાં બેસવાની ફરજ પડે છે. પોતાની ગર્લફ્રેન્ડ કારા મેત્સ્વીની કારમાં સહેલ કરતો એક યુવાન પોતાની બેઠક પરથી ઊભો થઈ અચાનક બોલી પડયો. આ તો કાચની કાર! બસમાં બેઠા બેઠા જ તેણે ૯૧૧ને ફોન લગાવી કહ્યું કે મારી ફ્રેન્ડ કારની ચોરાયેલી કાળી એટન કાર ડેલ્ટોનાના ડ્રાઈવે પર દોડતી દેખાય છે. નાકાબબંધી કરી તેને પકડી લો. આ શખ્સને કાર એ સારી રીતે ખખડાવ્યો હતો. સાલા, નાલાયક તારી સાથે હોટ ડોગ ખાવા આવી મારી કાર ચોરાઈ ગઈ. અહીં કોણ તારો બાપ તને તારા ઘર સુધી લિફ્ટ આપશે!

એટલી વારમા કારની સાહેલી સેન્ડ્રાએ રેસ્ટોરાંમાં આવી અને કહ્યુંઃ કાર તને તારા ઘર સુધી મૂકી દઈશ.

કાર કહેઃ ભલે, આ નાલાયકનું જે થવાનું હોય તે થાય.

કારા તો બહેનપણી સાથે ચાલી ગઈ પણ તેના બોયફ્રેન્ડને બસમાં જવા સિવાય બીજો કોઈ રસ્તો નહીં રહ્યો.

તે બસમાં બેસી જતો હતો. અને માંડ થોડાક કિલોમીટરનું અંતર કાપ્યું ત્યાં કારો કારાની કાર દેખાઈ

કારા કહેઃ યાર હો તો ઐસા.

ટેલપીસ

ઠંડી જશે તો ય ભારતીયો દુઃખી છે કારણ કે અંદાજપત્રની મોસમ શરૂ થશે કયાંક તો વેરા વૃદ્ધિથી તે ધ્રુજશે..

કનેક્ટિવિટીના મામલે નમાયું સુરત?

આરપાર

નંદ ઘેર આનંદભયો! જય કનૈયાલાલ કી! સુરતને એર કનેકિટવિટી મળી અને ચોમેર જાણે સુરતની ધરતી પર સ્વર્ગ ઉતરી આવ્યું હોય તેવો આનંદ થયો! લાગે છે કે ડચકા ખાતાં ખાતાં પણ સુરતને દેશના વિમાની સેવાના નકશામાં સ્થાન મળશે.

આમ તો ૧૯૫૨થી લોકસભા હોય કે રાજયસભા, ગૃહના પ્રશ્નોત્તરકાળમાં સુરત ઝળકી જતું હતું ખરું! સુરતને રેડિયો મથક કે વિમાની મથક આપવાની કોઈ દરખાસ્ત સરકારની વિચારણામાં નથી કે પંચવર્ષીય યોજનામાં તેનો સમાવેશ નથી થતો. અખબારમાં ચાર-પાંચ લીટીના ચોકઠામાં છાપેલા સમાચાર સ્વસ્તિવચન સંભળાવી કામે લાગી જતા.

ત્રીસ-પાંત્રીસેક વર્ષ પહેલાં એક સરકારી કાર્યાલયમાં એક બ્રિટીશ દંપતી તપાસ કરવા આવ્યું હતું કે સુરત-મુંબઈ વચ્ચે ફેરી સર્વિસ ચાલે છે એવું અમે સાંભળ્યું છે. અમને માર્ગદર્શન આપશો?

પેલા સરકારી અધિકારીએ એમના અંગ્રેજીમાં પૂછાયેલા પ્રશ્નનો ગુજરાતીમાં જવાબ આપ્યોઃ ના, એવું કંઈની મળે. એ બ્રિટિશ દંપતીને સાચું માર્ગદર્શન આપી પ્રવાસન ખાતાના કાર્યાલયને સરનામું આપ્યું ત્યારે તેમને કંઈક નવું મળ્યું હોય તેવું લાગ્યું પણ પેલી આંગ્લ મહિલા બોલી તો ખરી! સુરત ઐતિહાસિક શહેર હોવા છતાં ઝડપથી પ્રગતિ કરે છે, તેને કોઈ ઈન્ફ્રાસ્ટ્રકચર લાભ નથી મળતો? વિચિત્ર કહેવાય!

છ દાયકાથી સુરતના રેડિયો મથક અને વિમાની મથકના પ્રશ્નો ચર્ચાતા હતા અને કમમાં કમ ચાર દાયકાથીય વધુ સમયથી દહેજ-ઘોઘા ફેરી સર્વિસનો મામલો ચર્ચાય છે. રેડિયો જયારે દીવાનખંડનો રાજા હતો ત્યારનું રેડિયો મથકનું સુરતીઓનું સ્વપ્ન સાકાર એ સમયે થયું જયારે ટેલિવિઝન દીવાનખંડનો રાજા થયો. સુરતના વિમાની મથકનું સ્વપ્ન ત્યારે સાકાર થાય છે જયારે કેટલાક ઉદ્યોગપતિઓ ખાનગી હેલિકોપ્ટર વસાવવાને સક્ષમ બન્યા છે. ખેર, તેથી વિમાની મથકનું મહત્ત્વ કયાંય ઘટતું નથી પણ સવાલોનો સવાલ એ છે કે સરકારને વર્ષે કાયદેસરના અને લાંચરુશ્વતમાં ગેરકાયદેસરના અબજો રૂપિયા રળી આપતું સુરત આટલું ઓરમાયું કેમ છે?

સુરત પોતાની સમસ્યાઓના ઉકેલ માટે મોરારજી દેસાઈને સંસદમાં, સરકારમાં મોકલતું હતું પણ અને છેવટે વડાપ્રધાન તરીકે પણ સ્થાપ્યા પણ કમનસીબે તેનાથી સુરતને ફાયદો નહીં થયો. કારણ કે કમનસીબે તેઓ આખા દેશના વડાપ્રધાન હતા! તેમને સુરતમાં કરવેરા સિવાય બીજું કંઈ નજરે ચડતું ન હતું!

કાશીરામ રાણાએ સંસદમાં બેસીને સુરત પ્રત્યે નોંધપાત્ર ધ્યાન આપ્યું, બાકી સંસદમાં સુરતનો અવાજ ઝાઝો સંભળાતો જ નથી. તેમની દરમિયાનગીરીથી સુરતને લાંબા અંતરની ટ્રેનોનો લાભ સવિશેષ મળવા માંડયો, પણ હજી ઘરઆંગણેની રેલવે સેવાઓના પ્રશ્ને હજી ઘણું કરવાનું છે. સુરતના જ અદના કોંગ્રેસ કાર્યકર બલ્લુભાઈ પટેલ અને પ્રફુલ્લ સી. ભટ્ટે ફરી એક વાર રેલવે રાજયમંત્રી ભરત સોલંકીનું ધ્યાન દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને ટ્રેનમાર્ગે કનેકિટવિટી માટે દોર્યું છે.

તેમણે જણાવ્યું છે કે, સુરતમાં વસતા લાખો સૌરાષ્ટ્રવાસીઓને પોતાના વતનમાં ભાવનગર, મહુવા, શિહોર, પાલીતાણા, સોનગઢ, ધોળા, બોટાદ, ઢસા, દામનાગર, લીલીયા, સાવરકુંડલા, વિજપડી, ડુંગર, રાજુલા, વેરાવળ, કેશોદ, જૂનાગઢ, જેતપુર, ગોંડલ, રાજકોટ, પોરબંદર, જામનગર વગેરે જિલ્લાના લાખો લોકો સુરતમાં રહીને પોતાના પરિવારનું ભરણપોષણ કરે છે અને પોતાનું ગુજરાન ચલાવે છે. સુરતમાંથી રોજ સેંકડો બસો સૌરાષ્ટ્રમાં આગમન કરે છે અને રોજ લાખો યાત્રીઓને મનફાવે તેટલા ટીકીટના દર લઈને લૂંટે છે. કારણ કે આ વિસ્તારમાં રેલવે મંત્રાલય દ્વારા એક પણ ડેઈલી ટ્રેન સુવિધા ઉપલબ્ધ નથી. આજે સુરત સમગ્ર વિશ્વમાં ૮માં નંબરનું વિકસિત શહેરમાંનું એક છે, અને ભારત સરકારને લાખો રૂપિયા આવક રળી આપતું શહેર માત્ર સુરત જ છે. આટલા વર્ષો સુધી રેલવે મંત્રાલય દ્વારા ગુજરાતને આજ સુધી અન્યાય થઈ રહ્યો છે. આજે સુરત સમગ્ર ભારતમાં ડાયમંડ સિટી, સીલ્ક સિટી જેવા નામોના વિશેષણોના નામોથી ઓળખાય છે. લાખો લોકોને રોજગારી પુરી પાડી રહ્યું છે. રોજ હજારો યાત્રીઓ પોતાના વ્યવસાય માટે સુરત આવે છે.

પરંતુ સુરતને રેલવે મંત્રાલય પુરતા પ્રમાણમાં ટ્રેન સુવિધા ઉપલબ્ધ કરી શકયું નથી. સુરતમાં વસતા લાખો સૌરાષ્ટ્રવાસીઓ સુરતમાં વેરાવળ, કેશોદ, જૂનાગઢ, ગોંડલ, જેતપુર, રાજકોટ, વગેરે શહેરોના લાખો લોકો સુરતમાં રહે છે અને રોજ પોતાના જુદા જુદા વ્યવસાય માટે સુરતમાં આવાગમન કરે છે. સુરતથી વેરાવળ જવા માટે એક પણ ટ્રેન ઉપલબ્ધ નથી. વેરાવળ-અમદાવાદ ઈન્ટર સિટી ટ્રેન છે, તેને સુરત સુધી લંબાવવામાં આવે અથવા તો નવી ટ્રેન સુરત-વેરાવળ શરૂ કરવામાં આવે તો લાખો લોકોને તેનો ફાયદો થઈ શકે તેમ છે.

આ ઉપરાંત સુરેન્દ્રનગરથી ભાવનગર જતી સાંજની ૬-૪૫ કલાકની જે ટ્રેન છે તે ટ્રેન સુરેન્દ્રનગરથી ઉપડે છે તે ટ્રેન બોટાદમાં ૨-૦૦ કલાક જેવો હોલ્ટ કરે છે, તેથી ભાવનગર જતા યાત્રીઓ ખૂબ જ પરેશાન થતા હોય છે. તો આ ટ્રેન સુરેન્દ્રનગરથી રાત્રીના ૮-૩૦ કલાકે ઉપાડવામાં આવે તો આ ટ્રેનનો લાભ સુરતથી આવતી જામનગર જતી ઈન્ટરસિટીમાં ભાવનગર જનાર યાત્રીઓ પણ આ ટ્રેનનો લાભ લઈ શકે, એમ તેમણે જણાવ્યું છે.

સુરતમાં ઉત્તર ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, ઉપરાંત ઉત્તરના રાજયોના લાખો લોકો સુરતમાં વસે છે અને ધંધારોજગાર સાથે સંકળાયેલા છે. તો સુરત, મહેસાણા, પાલનપુર, ડિસા, માઉન્ટ આબુ, જયપુર, અજમેર, દિલ્હી, જમ્મુ, હરીદ્વાર ડેઈલી ટ્રેનની વર્ષો પુરાણી માંગણી છે.

પોરબંદર-નવસારી મહાત્મા ગાંધી દાંડીકૂચ એકસપ્રેસ ટ્રેન શરૂ કરવા તેમજ બારડોલી-નવી દિલ્હી સરદાર સત્યાગ્રહ દૈનિક એકસપ્રેસ ટ્રેન શરૂ કરવાની પણ તેમણે માંગણી કરી છે.

સુરતમાં આટલા બધા સૌરાષ્ટ્રવાસીઓ વસે છે અને તેમના અનેક મંડળો ચાલે છે, પણ સૌરાષ્ટ્રવાસીઓને પાયાની આ સગવડ આપવા માટે કેમ કોઈ માગણી નથી કરતું?

વેકેશન અને લગ્નસરામાં એસ.ટી.ની વધુ બસ દોડાવાય કે વધારાની ટ્રેન દોડાવાય તેનાથી ખાસ ફેર પડતો નથી. કારણ કે સુરતના પ્રવાસીઓને ખાસ લાભ મળતો નથી. સુરત ટ્રેન માટે વચ્ચેનું સ્ટેશન છે. ખાનગી લક્ઝરી બસ સર્વિસમાં કોઈ ખાસ નિયમ તંત્ર નહીં હોવાથી ઉતારુઓ રહેંસાય છે. જુદા જુદા સ્થળોએથી ઉપડતી લક્ઝરી બસોની ગણતરી કરો તો રોજ સાંજે ૯-૦૦ પછી દર કલાકે ત્રણ ટ્રેન ભરાય તેટલા માણસો શહેર છોડે છે અને ત્રણ ટ્રેન ભરાય તેટલા માણસો સવારે ૫-૦૦થી ૯-૦૦માં દર કલાકે આવે છે. અધૂરામાં પૂરું અકસ્માતના કારણો દૂર કરવામાં નિષ્ફળ પોલીસતંત્રે ખાનગી લક્ઝરી બસોને સવારે ૭-૩૦થી રાત્રે ૧૦-૦૦ સુધી શહેરની હદમાં પ્રવેશવાની મનાઈ ફરમાવી હોવાથી ટ્રાફિકમાં બસ મોડી પડે તો શહેરની હદની બહાર મુસાફરોને ઉતારે અને બૈરાં-છોકરાં અને સામાન સાથેનો બિચારો ઉતારુ સરથાણાથી રાંદેર અને પીપલોદ રીક્ષાના પૈસા ખર્ચીને જાય તો તે બસભાડાં જેટલું જ પડી રહે! છે કોઈ અવાજ ઉઠાવનારું?

સુરતના ખાનગી લક્ઝરી બસચાલકો ભાડામાં લોકોને લૂંટે તે પણ જોવા જેવું હોય છે. સામાન્ય સંજોગોમાં દા.ત. સુરત-રાજકોટ કે સુરત-ભાવનગર વચ્ચે દોડતી સ્લીપર કોચનું ભાડું વ્યકિતદીઠ રૂા. ૨૫૦ કે રૂા. ૩૦૦ હોય તો લગ્નસરા કે વેકેશનના સમયમાં રૂા. ૬૦૦ સુધી પહોંચે. સુરત રેલવે સ્ટેશને વસ્તીના પ્રમાણમાં અપૂરતી રેલવે સેવા હોવાથી રીઝર્વેશન ગોબાચારી, સીટનું વેચાણ, ટાઉટનો ત્રાસ જેવાં અનિષ્ઠોના સમાચાર અખબારમાં ચમકયા કરે પણ શહેરમાં કોઈ એવું તંત્ર નથી જે લોકોની આવી હાડમારીનો ઉકેલ કાઢવાનું તો ઠીક પણ અસ્તિત્વ હોવાનું પણ વિચારતો હોય.

પૈસા ખર્ચી શકે તેવા વિમાની મુસાફરોના મામલે આટલી કાગારોળ થઈ પણ મધ્યમ વર્ગના માણસોનું કોણ સાંભળે છે? બે-ચાર અદના કાર્યકરો આવેદન પાઠવે તેની ગંભીરતા પણ કોઈ નથી સ્વીકારતું! બલ્કે રેલવેના સલાહકારો સુરતને મળેલી સગવડ પણ દાનમાં આપી દેતા જોવા મળ્યા છે!

સુરત-ભાવનગર વચ્ચે હોવરક્રાફટ સેવા ચાલુ થઈ હતી અને તેને સારો પ્રતિભાવ મળ્યો હતો પણ બે-ત્રણ વાર હોવરક્રાફટ ખોટકાઈ જતાં હોવરક્રાફટ હોડકું બની ગયાની કાગારોળ મચાવી સ્થાપિત હિતોએ તેને પણ બંધ કરાવી દીધી. સુરતને મળતી અને જરૂરી માર્ગ, રેલવે, હવાઈ અને દરિયાઈ કનેકિટવિટીનો કોણ વિચાર કરે છે?

આપનું સપ્તાહ કેવું જશે

તા.૬-૨-૧૨ થી તા.૧૨-૨-૧૨ સુધી

લેખક : જયોતિષાચાર્ય હંસરાજ ફો.નં. ૦૨૬૧ - ૨૭૩૨૯૧૭

E. mail bharat jyotish 03 @ yahoo.co.in

મેષ (અ.લ.ઈ.): સપ્તાહ દરમિયાન આપના લાભ સ્થાનમાં આવતા બુધ શેર સટ્ટા, લોટરીમાં તક પૂરી પાડશે જો કે મંગળની દ્રષ્ટિમાં છે માટે ખોટું સાહસ કરવાની વૃત્તિ પેદા થાય અને નુકશાન કરાવે માટે આર્થિક બાબતે સ્પષ્ટ રહેવું મોટા ભાઈને તકલીફ થાય ખરાબ અને સ્વાથીર તથા ઈર્ષાળુ મિત્રોની વાતોમાં આવવાથી સહન કરવાનું બને. કોઈ કાવતરાના ભોગ ન બનાવે તેનું ખાસ ધ્યાન રાખવું. આકસ્મીત મળતી તકના સમજદારીપૂર્વક લાભ લેવો ઉપરાંત વીકમાં પ્રવાસ થાય પર્યટન દલાલી કોમ્પ્યુટર, શિક્ષણ સાહિત્ય, કલા, લેખન વગેરેને સંલગ્ન લોકોને તક મળશે. નોકરી ધંધાર્થે બહાર જવાનું થાય. માનસિક ક્રિયાશીલતા પરેશાન કરશે. પ્રેમ, પ્રકરણમાં ગેરસમજ પેદા થાય મિત્રો સાથે તાલમેલ રાખવો.

વૃષભ (બ.વ.ઉ.): સપ્તાહ દરમિયાન આપના કર્ક સ્થાનમાં આવતો બુધ નોકરી ધંધામાં પ્રગતિ કરાવશે સરકારી નોકરીમાં પ્રગતિ થાય જો કે મંગળની દ્રષ્ટિનો બુધ નોકરીમાં કષ્ટ પેદા કરશે માટે લાલચથી બચાવે મિડિયા, શિક્ષિણ, ટયુશન, પત્રકાર, જયોતિષ ખાનગી નોકરી લેખન, હાસ્યકલા, હાસ્ય લેખ વગેરેને સંલગ્ન લોકોને અચાનક તક મળશે. પણ વાણી વિલાસથી બચવું નોકરીમાં જવાબદારી વધશે. ઉપરાંત કુટુંબીક પ્રશ્નો પેદા થાય. ખર્ચ વધે. વારસાગત દલાલી ખાણી પીણીને સંલગ્ન નોકરી ધંધામાં તક મળે. પ્રવાસમાં સાવધાની રાખવી. ઘર, વાહન, જમીન, મકાન, ખેતી વગેરેનાં પ્રશ્નો હલ થશે. પ્રેમ પ્રકરણો અનુકૂળ બને અચાનક ધન લાભ થાય મિત્રોથી લાભ થશે.

મિથુન (ક.છ.ઘ.): સપ્તાહ દરમિયાન આપની રાશિનો સ્વામી બુધ ભાગ્યમાં આવે છે માટે સંશોધન ઉચ્ચ શિક્ષણ વિજ્ઞાન પ્રવાસ, ધાર્મિક સાહિત્ય, કાયદા કાનુન વગેરેને સંલગ્ન લોકોને તક મળશે. સંતાન બાબતે ઈચ્છીત થાય. વિવિધ ભાષામાં સંશોધન કરનાર ને સફળતાનો અનુભવ થાય. ધાર્મિક બાબતે કે ધર્મ કર્મ બાબતે વિચિત્રતા યુકત વિચારો આવશે. ઉપરાંત વીકમાં ક્રિએટીવ અને કાલ્પનિક તથા હાસ્ય પ્રધાન વિચારો આવે અને એવી પ્રવૃતિ પણ થાય જાહેર જીવનમાં મન મળે અને આર્થિક લાભ થાય. પારિવારિક પ્રશ્નો હળવા બને. દલાલી શિક્ષણ ખાણીપીણી વગેરે ધંધામાં લાભ થાય. પ્રવાસમાં સાવધાની રાખવી અને વાદ વિવાદથી દૂર રહેવું.

કર્ક (ડ.હ.): સપ્તાહ દરમિયાન આપના આઠમાં સ્થાનમાં આવતો બુધ આરોગ્યની સમસ્યા પેદા કરશે. પેટ, આંતરડા, લીવર, જ્ઞાનતંતુ પાચન શકિત વગેરેથી પીડીત લોકોએ ખાસ સાવચેતી રાખવી હીત શત્રુઓથી સાવધાન રહેવું દુશ્મનના હુમલાના ભોગ બનવાનું થાય ગુઢ વિદ્યા, અધ્યાત્મ તથા આકસ્મીત ધન ઈચ્છુક લોકોને તક મળશે. સ્વભાવ સ્વાર્થી અને હિંસક બનશે. ઉપરાંત વીકમાં આંખ દાંત ની કાળજી લેવી. હોસ્પિટલ, નર્સીંગ, સમાજસેવા, વિદેશ, પ્રવાસ, ધર્મ સેવા વિદેશ પ્રવાસ ધર્મ કર્મ વગેરેના સંલગ્ન લોકોને લાભ થાય. પણ માનસિક પીડા પરેશાન કરશે. ક્રિએટીવ વિચારો આવે વાણી વિલાસથી કામ બગડશે આર્થિક બાબતે ચોકકસ બનવાના વિચારો આવશે.

સિંહ (મ.ટ.): સપ્તાહ દરમિયાન સાતમે આવતો બુધ દાંપત્ય જીન ભાગીદારી રોજીન્દી પ્રવુતિ પારાવારીક બાબત. વગેરેમાં પ્રપંચના ભોગ બનાવે તથા અસંતોષ પેદા કરશે. કોર્ટ કચેરીમાં સાવધાની રાખવી. પ્રવાસ થાય પ્રવાસને સંલગ્ન કામકાજમાં લાભ થશે. ઉંમર લાયકના વિવાહની વાત આગળ વધશે. પણ માનસિક પીડા સતાવશે. ઉપરાંત વીકમાં શેર બજારથી લાભ થાય. મિત્રોનો સાથ મળે. ઉચ્ચ કક્ષાના વિજાતિય મિત્રો ઉપયોગી બને. પ્રેમ પ્રકરણ ઉત્સાહીત કરે. આરોગ્ય પરેશાન કરશે. ખર્ચા વધશે. હોસ્પિટલ નર્સીંગ, સમાજ સેવા વિદેશ ને સંલગ્ન લોકોએ સાવધાની રાખવી. બદનામી થાય વાહન ધીમે હાંકવું આર્થિક બાબતે મહત્વના નિર્ણય લેવાનું થશે.

કન્યા (પ.ઠ.ણ.): સપ્તાહ દરમિયાન આપની રાશિનો સ્વામી બુધ છઠ્ઠે આવે છે માટે આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. પેટ, આંતરડા, જ્ઞાનતંતુ, લીવર, ફેફસાને લગતા દર્દો પરેશાન કરશે. નોકરીયાત વર્ગને લાભ થાય. પણ કામનો બોજ વધશે. ગુપ્ત શત્રુઓ નો ભય વધશે. નવા શત્રઓ પેદા થાય વાદ વિવાદના કારણે વિરોધનો સામનો કરવો પડશે. વગર કારણે સંબધોમાં તિરાડ પડશે. ઉપરાંત વીકમાં નોકરી ધંધામાં મહત્વના પરિવર્તનો આવશે. કલા, સંગીત, સૌંદર્ય સાહિત્ય લેખન વગેરેને સંલગ્ન લોકોને અચાનક સફળતા મળે શેર બથી લાભ થાય. પ્રેમ પ્રકરણે ઝડપી બને અને ગેરસમજ પેદા થશે. આરોગ્યમાં આંખ-દાંતની કાળજી લેવી.

તુલા (ર. ત.): સપ્તાહ દરમિયાન આપના પાંચમાં ભાવમાં બુધનો પ્રવેશ વિદ્યાભ્યાસમાં પ્રગતિ કરાવશે. શેર, સટ્ટા, લોટરીમાં ભાગ્યનો સાથ મળશે. આકસ્મિત ધન લાભ થાય. શિક્ષણ, સંગીત, સાહિત્ય, લેખન, સુધારાને સંલગ્ન લોકોને તક મળશે. માતા અને મોસાળ પણ સાથે મતભેદ થાય. સંતાન બાબતે ચિંતા વધશે. ઉપરાંત વીકમાં વિદેશના કામ પાર પડે. આયાત- નિકાસ, પર્યટન, પ્રાસ, ઉચ્ચ શિક્ષણ, મિડીયા, લેખન મુદ્રણ, પ્રકાશન ધર્મ કર્મ વગેરેને સંલગ્ન લોકોને તક મળશે. માતા અને મોસાળ પણ સાથે મતભેદ થાય. સંતાન બાબતે ચિંતા વધશે. ઉપરાંત વીકમાં વિદેશના કામ પાર પડે. આયાત નિકાસ, પર્યટન, પ્રવાસ, ઉચ્ચ શિક્ષણ, મિડીયા, લેખન, મુદ્રણ, પ્રકાશન, ધર્મ કર્મ વિગેરેને સંલગ્ન લોકોને તક મળશે. નોકરી ધંધામાં મહત્વના ફેરફાર થશે. સ્ત્રી વર્ગથી લાભ થાય અને પ્રેમ પ્રકરણોમાં ગેરસમજ પેદા થશે. શેર બજારમાં સાવધાનીની કામ કરવાની તક મળશે.

વૃશ્ચિક (ન. ય.): સપ્તાહ દરમિયાન ચોથે આવતો બુધ નોકરી ધંધા અને ઘર, વાહન, મકાન, વગેરેના પ્રશ્નો પેદા કરે. તથા બહાર જવાનું થાય. અણગમતા પરિવર્તનો આવે. શિક્ષણ, ટયુશન કલાસીસ, દલાલી, જમીન, પ્રકાશન સંસ્થા, સંતાન મિલકત વગેરે બાબતે કાર્યમાં પ્રગતિ થાય અને ઉત્સાહ વધે છતાં પ્રપંચના ભોગ પણ બનવાનું થશે. રહેઠાણના પ્રશ્નો સતાવશે. ઉપરાંત વીકમાં આકસ્મિક ધનલાભ થાય. વિમા એજન્સી વિલ-વારસો વગેરે બાબતે પ્રગતિ થાય. સરકારી કામમાં ગતિ આવશે. વિદેશથી શુભ સમાચાર મળશે. ઉચ્ચ કક્ષાના લોકોનો સાથ મળે. સ્ત્રી વર્ગ સાથે ભણતરમાં સાવધાની રાખવી અપમાનીત બનવાનું થાય.

ધન(ભ.ધ.ફ.ઢ.): સપ્તાહ દરમિયાન સત્યના ત્રીજા સ્થાનમાં આવતો બુધ શિક્ષણ, સંગીત સાહિત્ય, લેખન, દલાલી, સેલ્સમેનશીપ, પ્રવાસ કોમ્પ્યુટર વગેરેને સંલગ્ન લોકોને ભાગ્યનો સાથ મળશે. પ્રવાસ થાય વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થશે. ગણિતને સંલગ્ન લોકોને અચાનક નવી તક મળશે. વાદ-વિવાદથી બચવું . વધુ પડતો બૌધ્ધિ બોજો માનસિક પરેશાની પેદા કરશે. ઉપરાંત વીકમાં દાંપત્યજીવન ભાગીદારો, રોજીન્દા પ્રવૃત્તિ વગેરેમાં તાલમેળ રહે. સ્વદેશના કામ પાર પડશે. આરોગ્ય પરેશાન કરશે. આંખ- દાંતની કાળજી લેવી. કોર્ટ- કચેરીમાં સાવધાન રહેવું. જીવનસાથીના પરિવાર સાથે તાલમેલ રાખવો અને આર્થિક બાબતે સાવધાન રહેવું.

મકર (ખ. જ.): સપ્તાહ દરમિયાન આપના બીજા સ્થાનમાં આવતો બુધ બુધ્ધિ શકિતથી પૈસા કમાવવાની તક આપશે. દલાલી, શિક્ષણ, વકીલાત, જેવા વ્યવસાયમાં સફળતા મળશે. પણ વાણી કડવી અને તોછડી બને જેના કારણે નવા દુશ્મનો પેદા થાય. બોલવા ઉપર કાબુ રાખવા વગર માંડે સલાહ સૂચન કોઈને આપવા નહી. ઉપરાંત વીકમાં નોકરીમાં તક મળે. માતાથી લાભ થાય. સહકારી કામના પ્રગતિ થશે. આરોગ્ય પરેશાન કરશે. ભાગીદારી દાંપત્યજીવન વગેરેમાં તાલમેળ ઓછો રહે. રોજીન્દી પ્રવૃત્તિમાં કંટાળો આવશે. આર્થિક રીતે વાગવા- આગ - અકસ્માતથી સાવધાન રહેવું. પાણીથી દૂર રહેવું.

કુંભ (ગ. સ. શ. ષ.): સપ્તાહ દરમિયાન આપની રાશિમાં આવતાં બુધ, વધુ પડતા બૌધ્ધિક અને વિચારશીલ બનાવે. તથા ક્રિએટીવ અને કાલ્પનિક તથા રોમેન્ટીક કલ્પના તથા લેખનના દલાલી શિક્ષણ, વકીલાત જેવા નોકરી-ધંધામાં સફળતા મળે. જાહેર જીવનમાં માન વધશે. ઉપરાંત વીકમાં પ્રેમ- પ્રકરણો અનુકૂળ બને. મિલકન મુલાકાતો ઉત્સાહીત કરશે. મિત્રોનો સાથ મળે. વિદ્યાભ્યાસમાં પ્રગતિ થાય. નોકરીમાં કાર્યબોજ વધશે. માતા સાથે મતભેદ થાય અને આરોગ્યને લઈને ખર્ચા વધશે. દાંપત્યજીવન ભાગીદારી અને રોજીન્દા પ્રવૃત્તિમાં સભાનતા રાખવી. આર્થિક વ્યવહારમાં સાવધાન રહેવું.

મીન (દ. ચ. ઝ. થ.): સપ્તાહ દરમિયાન આપના બારમાં ભાવમાં બુધનો પ્રવેશ અધ્યાત્મક, ધાર્મિક, ગૂઢ વિદ્યા વગેરેમાં મનને શાંતિ આપશે. વિચારોની ગહનતા ઓછી થાય. ગુપ્ત વિરોધીઓનો ભય સતાવે. આરોગ્યને લઈને ખર્ચા પણ લેખન, અધ્યાત્મ, ગૂઢ દિવ્વ્યા ક્ષેત્રે સંશોધન કરનારને તક મળશે. અસામાજી પ્રવૃત્તિ કરનારને જેલના યોગ થાય. પરિસ્થિતિને વશ થવું પડે. નવા શત્રુઓ પેદા થાય. હરિફાઈમાં માનસિક પીડા પરેશાન કરશે. આરોગ્યનું ખાસ ધ્યાન રાખવું. ઉપરાંત વીકમાં નોકરી-ધંધાર્થ બહાર જવાનું થાય. પ્રેમ પ્રકરણો અનુકુળ બને. ઉચ્ચ કક્ષાના મિત્રોનો સાથ મળે. સાહિત્ય, કલા, લેખન સૌંદર્ય પ્રવાસ હીરા, ઝવેરાત, દલાલી ક્ષેત્રે પ્રગતિ થશે. સંતાન ચિંતા ઓછી થાય.

ઓરીએન્ટલ ઇન્સ્યુરન્સ કું. લી. માં વિવિધ જગ્યાઓ પર ભરતી

- ★ ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કું. માં ભરતી
- ★ સરકારી ખાતાઓમાં સ્ટેનોગ્રાફર્સની ભરતી
- ★ BITSAT-2012

ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કું.માં ઓફિસરોની ભરતી

ધ ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની લીમીટેડ ન્યુ દિલ્હી દ્વારા ઓલ ઈન્ડિયામાં પથરાયેલ પોતાની શાખાઓ માટે એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર્સ (સ્પેશ્યલાઈઝડ કેટેગરી)ની જગ્યાઓ પર ભરતી થઈ રહી છે. ભરતી થનાર ઉમેદવારને માસિક રૂા. ૧૭,૨૪૦ -૩૨,૬૪૦ પગાર ધોરણ મળવાપાત્ર છે. અહિં અલગ અલગ શાખાઓની ભેગી મળી કુલ ૪૭૭ જગ્યાઓ આ કુલ જગ્યાઓમાં અનુસૂચિત જાતિ માટે ૬૯ જગ્યાઓ અનુસૂચિત જનજાતિ-૩૫, અન્ય પછાતવર્ગ ૧૪૧ તથા બિન અનામત (જનરલ કેટેગરી) માટે ૨૩૨ જગ્યાઓ છે.

ભરતીની જગ્યા અને લાયકાત

(૧) ગ્રુપ-એ એકચ્યુઅરીની પોસ્ટ માટે મેથેમેટીક્સ/ સ્ટેટીસ્ટીકસ/ એકચ્યુઅરીયલ સાયન્સમાં ૫૫ ટકા સાથે અનુસ્તાક ડિગ્રી અથવા ૬૦ ટકા સાથે સ્નાતક ઉપરાંત એકચ્યુઅરીયલ સોસાયટી ઓફ ઈન્ડીયાની પરીક્ષાના ચાર પેપર પાસ કરેલ ઉમેદવારો અરજીપાત્ર છે.

(૨) ગ્રુપ-બી માર્કેટીંગની જગ્યા માટે ૫૫ ટકા સાથે એમ.બી.એ. માર્કેટીંગ કે સેલ્સ કરેલ અરજીપાત્ર છે.

(૩) ગ્રુપ-સી હયુમન રીસોર્સની જગ્યા માટે ૫૫ ટકા સાથે એમબીએ હયુમન રીસોર્સની યોગ્યતા ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર છે.

(૪) ગ્રુપ-ડી હયુમન રીસોર્સની જગ્યા માટે ૫૫ ટકા સાથે બીઈ/બી. ટેક.ઈન કોમ્પ્યુટર અથવા ૫૫ ટકા સાથે MCA/MIT/MCA કરેલ ઉમેદવારો અરજીપાત્ર છે.

(૫) ગ્રુપ-ઈ (એકાઉન્ટસ) ની જગ્યા માટે ૬૦ ટકા સાથે ACA/ ACWA/ ACA/ B.Com ની ડિગ્રી ધરાવતા અથવા ૫૫ ટકા સાથે એમ.કોમ.ની ડિગ્રી ધરાવતાં ઉમેદવારો અરજીપાત્ર છે.

(૬) ગ્રુપ-એફ લીગલ ડિપાર્ટમેન્ટની જગ્યા માટે ૬૦ ટકા સાથે એલએલબીની ડિગ્રી અથવા ૫૫ ટકા સાથે એલએલએમની ડિગ્રી ધરાવતા ઉપરાંત વકિલાતની પ્રેકટીસનો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર છે.

(૭) ગ્રુપ-જી એન્જિનિયર્સની જગ્યા માટે ૬૦ ટકા સાથે બીઈ/ બી. ટેક.ઈન ઈલેકટ્રીકલ/ મિકેનિકલ / કેમિકલ / સિવિલની યોગ્યતા ધરાવતા અથવા ૫૫ ટકા સાથે આજ શાખામાં ઈજનેરીમાં અનુસ્નાતકની ડિગ્રી ધરાવતાં ઉમેદવારો અરજીપાત્ર છે.

(૮) ગ્રુપ-એચ લાઈબ્રેરીયનની જગ્યા માટે લાઈબ્રેરી સાયન્સ/ ઈન્ફોર્મેશન સાયન્સ / ઈન્ફોર્મેશન સાયન્સમાં ૬૦ ટકા સાથે સ્નાતકની ડિગ્રી અથવા ૫૫ ટકા સાથે અનુસ્નાતક ડિગ્રી ધરાવતા ઉપરાંત લાયબ્રેરીયન તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર છે.

(૯) ગ્રુપ-આઈ જનરાલિસ્ટની જગ્યા માટે ૬૦ ટકા સાથે સ્નાતક અથવા ૫૫ ટકા સાથે અનુસ્નાતકની ડિગ્રી ધરાવતા ઉમેદવારો અરજીપાત્ર છે.

નોંધઃ અહિં ભરતી સંબંધિત શૈક્ષણિક યોગ્યતામાં અનુસૂચિતજાતિ/ અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે સ્નાતક કક્ષાએ ૫૫ ટકા તથા અનુસ્નાતક કક્ષાએ ૫૦ ટકા સાથે માર્કસ જરૂરી છે.

વયમર્યાદાઃ તા. ૧-૧-૨૦૧૨નાં રોજ ઉમેદવારની વય ૨૧ થી ૩૦ વર્ષ હોવી જરૂરી છે. ઉપલીવયમાં એસ.સી./ એસ.ટી.ને પાંચ ઓ.બી.સી.ને ત્રણ તથા અપંગ ઉમેદવારોને દશ વર્ષની છૂટ મળવાપાત્ર છે.

પસંદગી પ્રક્રિયાઃ અહિં ભરતી માટે ઉમેદવારોની લેખિત પરીક્ષા તા. ૮ એપ્રિલ ૨૦૧૧ ના રોજ ગુજરાતમાં અમદાવાદ ખાતે યોજાશે. પરીક્ષામાં રીજનીંગ, અંગ્રેજી ભાષા, ન્યુમરીકલ એબિલીટીના હેતુલક્ષી પ્રશ્નો તમા પોસ્ટની ભરતી પરીક્ષામાં હશે આ ઉપરાંત ગ્રુપ-આઈની પોસ્ટ માટેની ભરતી પરીક્ષામાં જનરલ અવેરનેસનાં પ્રશ્નો તથા ગ્રુપ -એ થી એચ સુધીની પોસ્ટમાં પોસ્ટ મુજબ પ્રોફેશનલ નોલેજનાં પ્રશ્નો હશે.

વિશેષ માહિતી તથા ઓનલાઈન અરજી માટે કલીક કરોઃ

www.orientalinsurance.org.in

OR

www.Oiclao2012.com

ઓનલાઈન અરજીની છેલ્લી તા. ૧૩-૨-૨૦૧૨ છે.

સરકારી ખાતાઓમાં ગુજરાતી/ અંગ્રેજી સ્ટેનોગ્રાફરની ભરતી

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા સામાન્ય વહીવટ વિભાગનાં નિયંત્રણ હેઠળના સચિવાલયના વિવિધ વિભાગો ખાતાનાં વડાની કચેરીઓ તથા વિધાનસભા સચિવાલય માટે સ્ટેનોગ્રાફર સંવર્ગનાં અંગત મદદનીશ (ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ તથા અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨) વર્ગ-૩ની જગ્યાઓ પર હાલ ભરતી થઈ રહી છે. ભરતી થનાર ઉમેદવારને નાણાં વિભાગનાં તા. ૧૬-૨-૨૦૦૬નાં તથા તા. ૨૯-૪-૨૦૧૦નાં ઠરાવ ક્રમાંકઃ ખરચ-૨૦૦૨-૫૭ ઝેડ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે નિયત ફિકસ પગાર રૂા. ૧૦,૦૦૦/- મળશે. પાંચ વર્ષના અંતે ઉમેદવારની સેવાઓ સંતોષકારક જણાવેલી સંબંધિત કચેરીઓમાં સરકારશ્રીના નિયમાનુસાર મળવાપાત્ર પગારધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

ભરતીની જગ્યા અને લાયકાત

(૧) અંગત મદદનીશ ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૨ની સચિવાલય (સા. વ. વિ.) તથા ખાતાના વડા તથા વિધાનસભા સચિવાલયની તમામની ભેગી મળી કુલ ૪૨ જગ્યાઓ છે આ માટે કોઈપણ શાખામાં સ્નાતકની ડિગ્રી ઉપરાંત ગુજરાતી શોર્ટહેન્ડમાં ૭૫ શબ્દની ઝડપ પર મિનિટ અને ગુજરાતી ટાઈપ રાઈટીંગમાં ૫ શબ્દની ઝડપ

કેરીયર ડાયજેસ્ટ

પ્રતિમિનિટ હોવી જોઈએ. ઉમેદવારને ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭માં ઠરાવ્યા મુજબની કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ ઉમેદવારનો ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે.

(૨) અંગત મદદનીશ અંગ્રેજી સ્ટેનોગ્રાફર-૨ની સચિવાલય (સા. વ. વિ.) તથા ખાતાના વડાની કુલ ૮૪ જગ્યાઓ છે. આ માટે સ્નાતક ઉપરાંત અંગ્રેજી શોર્ટહેન્ડમાં ૧૦૦ શબ્દની ઝડપ પર મિનિટ અને અંગ્રેજી ટાઈપ રાઈટીંગમાં ૪૦ શબ્દની ઝડપ પ્રતિમિનિટ હોવી જોઈએ. ઉમેદવારને ઉપર જણાવ્યા મુજબ કોમ્પ્યુટરની પાયાની જાણકારી તથા ગુજરાતી કે હિન્દી કે બંને ભાષાનું જ્ઞાન હોવું જરૂરી છે.

વયમર્યાદાઃ તા. ૧૦/૨/૨૦૧૨નાં રોજ ઉમેદવારની વય ૧૮ થી ૨૮ વર્ષ હોવી જરૂરી છે. મૂળ ગુજરાતના હોય તેવા એસ.સી./ એસ.ટી. / ઓ.બી.સી. ઉમેદવારોને ઉપલી વયમાં પાંચ વર્ષની છૂટ મળવાપાત્ર છે. જનરલ કેટેગરીના મહિલા ઉમેદવારોને ઉપલીવયમાં પાંચ વર્ષની તથા અનામત કેટેગરીનાં મહિલા ઉમેદવારોને દશ વર્ષની છૂટ મળવાપાત્ર છે.

નોંધઃ અહિં તમામ ખાતાની ભરતની કુલ જગ્યા દર્શાવેલ છે. કેટેગરી પ્રમાણે તથા ખાતા પ્રમાણે ફાળવાયેલ અલગ અલગ જગ્યાઓની માહિતી માટે મૂળ જાહેરાત જોવી.

વિશેષ માહિતી ઓનલાઈન અરજી માટે કલીક કરો.

http://ojas.guj.nic.in

ઓનલાઈન અરજીની છેલ્લી તા. ૧૦-૨-૨૦૧૨ છે.

BITSAT - 2012:



ધ બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ (BITS) પિલાનીની એક ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા છે. આ સંસ્થાને યુજીસીનાં યુનિવર્સિટીનાં સેકશન - ૩ નિયમાનું આર એક ડિમ્ડ યુનિવર્સિટીનાં સેકશન - ૩ નિયમાનુસાર એક ડિમ્ડ યુનિવર્સિટી તરીકે માન્ય કરવામાં આવેલી છે. આ યુનિવર્સિટીનાં પિલાની (રાજસ્થાન), ગોવા, હૈદરાબાદ તથા દુબઈ ખાતે અલગ અલગ અભ્યાસ માટેના કેમ્પસો આવેલા છે. આ કેમ્પસો ખાતે ઉપલબ્ધ જુદા જુદા અભ્યાસક્રમોમાં આ બિરલા યુનિ.ની પ્રવેશ પરીક્ષા BITSAT ને આધારે પ્રવેશની તક હાલ ઝડપી શકાય છે.

જુદા જુદા કેમ્પસો ખાતે ઉપલબ્ધ અભ્યાસક્રમોઃ

(અ) BITS પિલાની કેમ્પસઃ

(૧) બી.ઈ. (ઓનર્સ) ઈન કેમિકલ, સિવિલ, કોમ્પ્યુટર સાયન્સ, ઈલેકટ્રીકલ એન્ડ ઈલેકટ્રોનિક્સ, ઈલેકટ્રોનિક્સ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન, મિકેનિકલ, મેન્યુફેકચરીંગ

(૨) બી.ફાર્મ (ઓનર્સ)

(૩) ઈન્ટિગ્રેટેડ એમ.એસ.સી. (ઓનર્સ) ઈન બાયોલોજીકલ સાયન્સ, કેમિસ્ટ્રી, ઈકોનોમિકસ, મેથેમેટીકસ, ફિઝીકસ.

(૪) ઈન્ટિગ્રેટેડ એમ.એસ.સી. (ટેકનોલોજી) ઈન જનરલ સ્ટડીઝ, ફાયનાન્સ, ઈન્ફર્મેશન સિસ્ટમ

(બ) BITS પિલાની - ગોવા કેમ્પસ ખાતે ઉપલબ્ધ અભ્યાસક્રમો

(૧) બીઈ (ઓનર્સ) ઈન કેમિકલ, કોમ્પ્યુટર સાયન્સ, ઈલેકટ્રીકલ એન્ડ ઈલેકટ્રોનિકસ, ઈલેકટ્રોનિકસ એન્ડ ઈન્સ્ટ્રુમેન્ટેશન, મિકેનિકલ

(૨) એમ.એસ.સી. (ઓનર્સ) ઈન બાયોલોજીકલ સાયન્સ, કેમિસ્ટ્રી, ઈકોનોમિકસ, મેથેમેટીકસ, ફિઝીકસ.

(૩) ઈન્ટિગ્રેટેડ એમ.એસ.સી. (ટેક.) ઈન્ફર્મેશન સિસ્ટમ

(ક) BITS પિલાની - હૈદરાબાદ કેમ્પસ

અહિં ઉપરોકત ગોવા - કેમ્પસ ખાતે ઉપલબ્ધ અભ્યાસક્રમો ભણવાની સગવડ મળે છે.

પ્રવેશ લાયકાતઃ અહિં ફિઝીકસ, કેમિસ્ટ્રી અને મેથેમેટીકસમાં એગ્રીગેટ ૭૫ ટકા માર્કસ સાથે ધોરણ-૧૨ પાસ કે પરીક્ષા દેનાર પ્રવેશપાત્ર છે. અહિં BITSAT ૨ વાર માટે ૨૦૧૧ માં જેમણે - ૧૨ ની પરીક્ષા આપવાનાં છે. તેઓ જ અરજી કરી શકશે. ૨૦૧૦ કે તે પહેલા ધોરણ-૧૨ કે તે પહેલા ધોરણ-૧૨ પાસ કરનાર અરજીપાત્ર નથી.

BITSAT **માહિતીઃ** આ પરીક્ષા કોમ્પ્યુટર બેઝડ ઓનલાઈન ટેસ્ટ હશે. જેમાં કોમ્પ્યુટર મોનિટર ઉપર પ્રશ્નો પ્રેઝન્ટ થશે. અને તેના જવાબો કિબોર્ડ કે માઉસની મદદથી પસંદગી દર્શાવી આપવાનાં રહેશે. આ ઓનલાઈન ટેસ્ટ તા. ૧૦મેથી ૯ જુન ૨૦૧૨ સુધી ગુજરાતમાં અમદાવાદ, સુરત ખાતે યોજાશે. પરીક્ષામાં ફિઝીકસ, કેમિસ્ટ્રી, મેથેમેટીકસ તથા ઈંગ્લિશ પ્રોફિસીયન્સી અને લોજીકલ રીજનીંગનાં ૧૫૦ માર્કસનાં હેતુલક્ષી પ્રશ્નો હશે.

વિશેષ માહિતી પ્રવેશપત્ર માટે સંપર્ક

The Admission officer,
BITS,
Pilani - 333031 (Rajasthan)

આ માટે અરજીની છેલ્લી તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૨ છે.

વિકાસ વર્તુળ ટ્રસ્ટ ભાવનગર